રજૂ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૧.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી પરચુ. (ઢીલ) અરજી નંબર : ૨૦૪/૨૦૨૬.**

**અરજદાર :–** **નરેશભાઇ બાબુભાઇ ગામીત,**
રહેવાસી : નિશાળ ફળીયું, મીરપુર,
તાલુકો : વ્યારા, જીલ્લો : તાપી.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **શાલીભદ્ર ફાઇનાન્સ લિ. વતી તેના મેનેજર,**
**ચેતન સુખદેવસિંહ સુરમા,**
ઠેકાણું : મુદિત પેલેસ, બારડોલી,
તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત.

**વિષય :–** **ફોજદારી અપીલ દાખલ કરવામાં થયેલ ઢીલ દરગુજર કરવા બાબત.**

====================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. જી. ચૌધરી.**

**સામાવાળા તરફે વિ. વકીલ શ્રી એસ. એમ. વહોરા.**

====================================================

**–:: ચુ કા દો::–**

(૧) અરજદારની હાલની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, સદર અરજીના અરજદાર વિરૂદ્ધ સામાવાળા દ્વારા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ કરવામાં આવેલ, જે ફોજદારી કેસ નંબર : ૨૧૫૪/૨૦૨૪ થી નોંધાયેલ. સદર ફોજદારી કેસના કામે તારીખ : ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ બારડોલીના વિ. એડી. ચીફ જયુ. મેજી.શ્રીએ હુકમ કરી અરજદારને ધી નેગોશીએબલ ઇનસ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના અંગે તકસીરવાન ઠરાવી બે વર્ષની સખ્ત કેદની

સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવા સંબંધેનો હુકમ કરેલ, જે હુકમની સામે ફોજદારી અપીલ દાખલ કરવામાં અરજદારને ૧૪ દિવસનો વિલંબ થયેલ છે, જે વિલંબ માફ કરવા હાલની અરજી કરવામાં આવેલ છે.

(૨) સદર ઢીલ અરજી વંચાણે લીધી. અરજદાર તરફે મુખ્યત્વે એવી રજૂઆત છે કે, તકરારી હુકમની સામે ૩૦ દિવસમાં અપીલ દાખલ કરવાની હોય છે, પરંતુ અરજદારના વિ. વકીલશ્રી શરતચૂકના કારણે તકરારી હુકમની જાણ કરી શકેલા નહીં અને તેઓને પોલિસ સ્ટેશનમાં બોલાવી અટક કરવામાં આવતાં તેઓને તકરારી હુકમની જાણ થયેલી. ઉપરોકત સંજોગોમાં તકરારી હુકમ સામે અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. હાલના અરજદાર તરફે થયેલ ઢીલ શુદ્ધબુદ્ધિપૂર્વકની છે. જો વિલંબ માફ કરવામાં આવે તો સામાવાળાને કોઈ નુકસાન થાય તેમ નથી. અરજદાર તાપી જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદાર ઉપર કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી છે. આમ, ઉપરોકત કારણોસર ફોજદારી અપીલ દાખલ કરવામાં ૧૬ દિવસની જે ઢીલ થયેલ છે તે ઢીલ દરગુજર કરી ફોજદારી અપીલને રજિસ્ટરે લેવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે સામાવાળાના વિ. વકીલશ્રીએ હાલની અરજી મંજૂર કરવામાં આવે તો વાંધો નથી તે મુજબનો શેરો અરજી હેઠળ કરેલ છે.

(૪) આ કામે અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. સમયમર્યાદામાં ફોજદારી અપીલ દાખલ કરી શકેલ નહીં તે માટે અરજદારે જણાવેલ છે કે, અરજદારે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષના કેસ માટે જે વકીલને રોકેલા તે વકીલ તેઓને તકરારી હુકમની જાણ કરી શકેલા નહીં અને તેઓને વ્યારા પોલિસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલા ત્યારે હુકમની જાણ થયેલી. અરજદાર તરફે જણાવવામાં આવેલ ઢીલ અંગેના ઉપરોકત કારણો ધ્યાને લીધાં. જો હાલની ઢીલ અરજી મંજૂર કરવામાં આવે તો વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે યોગ્ય છે કે કેમ તે અંગે યોગ્ય નિર્ણય થઈ શકે તેમ છે. વળી, હાલની અરજી મંજૂર કરવાથી સામાવાળાને કોઈ નુકસાન કે અન્યાય થાય તેમ જણાતું નથી. નામ. ગુજરાત હાઈકોર્ટ તથા નામ. સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક રિપોર્ટેડ રૂલીંગ જોતાં માત્ર ટેક્નિકલ કારણો ધ્યાનમાં ન લેતાં વિલંબ માફ કરવા અદાલતે ઉદાર વલણ રાખવું જોઈએ. ઉપરોકત ચર્ચા

તેમજ હકીકતો જોતાં અરજદારને ફોજદારી અપીલ દાખલ કરવામાં જે વિલંબ થયેલ છે તે માફ કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. વળી, ફોજદારી અપીલનો ગુણદોષ ઉપર નિકાલ થાય તે બંને પક્ષકારો માટે ન્યાયી અને વાજબી છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર નરેશભાઇ બાબુભાઇ ગામીતની હાલની ફોજદારી પરચુ. (ઢીલ) અરજી નંબર : ૨૦૪/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) તારીખ : ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ ફોજદારી કેસ નંબર : ૨૧૫૪/૨૦૨૪ ના કામે બારડોલીના વિ. એડી. ચીફ જયુડી. મેજી.શ્રીએ આપેલ ચુકાદા વિરૂદ્ધ ફોજદારી અપીલ દાખલ કરવામાં અરજદારને થયેલ ૧૬ દિવસનો વિલંબ આથી દરગુજર કરવામાં આવે છે.

(૩) અરજદારની ફોજદારી અપીલ રજીસ્ટરે લેવી અને રજીસ્ટ્રાર બ્રાન્ચે નિયમ અનુસાર કાર્યવાહી કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૯ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૯/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
I/C ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ00582